

**ચોમેર પીડા ને ગાંધીનગરમાં પીળાશનો ચંદનલેપ...**
**વરણાગી વસંતનો વૈભવ જોવો હોય તો ગાંધીનગર આવો...**

ગરમીની આ મોસમમાં ગરમાળો પૂરબહારમાં છે. જેમ જેમ તાપ વધે એમ એમ ગરમાળાનો પ્રતાપ વધે. તમામ ઉપમાઓમાં પણ ઊણપ વર્તાય એવો એનો રંગ છે, અને આખા અસ્તિત્વમાં પ્રસન્નતા વ્યાપી જાય એવા તો એના તરંગ... બળબળતા બપોરે પણ હૈયે ટાઢક વળે એવું વાતાવરણ છે. અભાવથી ઉભરાતા આપણા જીવનમાં ભાવ ભરવા કુદરત તત્પર છે, પણ આપણે એ તરફ ધ્યાન આપીએ તો ને...! સૃષ્ટિની સમીપ રહીશું તો કોરોનાની કાગારોળને કોરાણે મૂકી શકીશું. કોરોનાથી સાવચેત રહેવાની જરૂર છે, સાવ ચિંતામાં રહેવાની આવશ્યકતા નથી. સલામતીના ઉપાયો અનિવાર્ય છે, પણ મતિ મરી જાય એવા ભયમાં રહેવાની ક્યાં જરૂર છે..? માસ્ક નામનું બખ્તર આ મહામારીથી બચાવશે, બાકી તો સંયમિત અને નિયમિત જીવન જ સારા સ્વાસ્થ્યની પૂર્વશરત છે... ચોમેર પીડા છે ત્યારે ગાંધીનગરની આ પીળાશ અંતરમાં ચંદનલેપ જેવી લાગશે...! આવો, ગાંધીનગર...

**ફોટો સ્ટોરી : હિરેન ભટ્ટ**

# જિલ્લામાં ૩૦૨ નવા કેસ : ૨૬૭ રિકવર

**ઉવારસદમાંથી ૧ વર્ષનું બાળક અને જાસપુરમાંથી ૭ વર્ષની બાળકી સંક્રમિત થઈ : ગાંધીનગરમાં ૩૩, દહેગામમમાં ૨૨, કલોલમાં ૫૫, માણસામાં ૪૯ કેસ નોંધાયા : શહેરમાં સે. ૨૭ માં ૮, સે. ૨, ૪, ૫ માં ૬-૬ કેસ, સે. ૨૯, ૨૪, ૧૪ માં ૫-૫ કેસ : કુડાસણમાં ૧૫, સરગાસણ-વાવોલમાં ૧૩-૧૩, રાંદેસણમાં ૮, પેથાપુરમાં ૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસમાં ધીમી ગતિએ ઘટાડો શરૂ થયો છે. જિલ્લામાં આજે નવા ૩૦૨ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૯ અને શહેરમાં ૧૪૩ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ હજુ યથાવત્ રહેતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. બાળકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેનાથી વાલીઓમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે. આજે પણ ઉવારસદ ગામેથી ૧ વર્ષનું બાળક અને જાસપુરમાંથી ૭ વર્ષની દિકરી સંક્રમિત જણાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નાના-નાના ગામો અને અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ અને ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારોમાં કોવિડ માટે આઈસોલેશન સેન્ટરો શરૂ કરાયા છે. જેમાં આજે ૫૬ જેટલા દર્દીઓ સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૯ કેસ નોંધાયા છે. જેમાં દહેગામમાં ૨૨, ગાંધીનગરમાં ૩૩, કલોલમાં ૫૫ અને માણસામાં ૪૯ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૬૦ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૬ જેટલા દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની વધતી સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

દહેગામ તાલુકામાં આજે ૨૨ કેસ નોંધાયા છે. જેમાં બહિયલ ગામેથી ૪, હાલીસામાંથી ૩, દેવકરણના મુવાડા, નાંદોલ, વાસણા ચૌધરી ગામેથી ૨-૨ કેસ તેમજ બબીપુરા, કોદરાલી, કેશાજીના મુવાડા, મોટા જલુન્દ્રા, મીરઝાપુર, ઉડાન, કંથારપુર, સાણોદા તેમજ દહેગામ અર્બનમાંથી પણ કેસ મળી આવેલ છે.

તંત્રએ તાલુકામાં સર્વેલન્સ વધાર્યુ છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ અને માસ્ક ફરજીયાતના નિયમની અમલવારી માટે કડક સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકામાં પણ કોરોનાના કેસો ઘટવાના શરૂ થતાં તંત્રએ થોડોક રાહતનો શ્વાસ લીધો છે. છેલ્લા બે દિવસથી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાતા કેસોની સંખ્યામાં ઘટાડો થતો જણાયો છે.

તાલુકામાં આજે વધુ ૩૩ કેસ નોંધાયા છે. જેમાં ડભોડા, સરઢવમાં ૪-૪ કેસ, રૂપાલમાંથી આજે વધુ ૬ કેસ મળી આવ્યા છે. મોટી શિહોલી, મોટી આદરજ, લવારપુર, ઉવારસદ ગામેથી ૨-૨ કેસ તેમજ ભોંયણરાઠોડ, જલુંદ, ટીંટોડા, છાલા, મહુન્દ્રા, વાસણા, પીપળજ, ઈસનપુર મોટા, લિમ્બડિયા, વડોદરા અને વલાદ ખાતેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેફામ બની વિસ્તરી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. કલોલ શહેરમાં સર્વેલન્સની કામગીરીને સઘન બનાવવામાં આવી છે.

કલોલ અર્બન વિસ્તારમાંથી આજે વધુ ૧૦ કેસ મળી આવેલ છે. જેમાં કલોલ અર્બન-૧ માંથી ૨ કેસ તેમજ કલોલ અર્બન-૨ માંથી ૮ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

કલોલ ગ્રામ્ય વિસ્તારમાં જાસપુર અને ધાનોટમાં ૬-૬ કેસ તો સઈજમાંથી ૭ કેસ આજે મળી આવ્યા છે. આ ઉપરાંત પલસાણા, છત્રાલ, સાંતેજમાંથી ૩-૩ કેસ, વડસર, ધમાસણામાંથી ૨-૨ કેસ, તેમજ હાજીપુર, મોટી ભોંયણ, પ્રતાપપુરા, ચાંદીસણા, ગોલથરા, પલિયડ, આરસોડિયામાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં પણ કોરોનાનું વધેલુ સંક્રમણ તંત્ર માટે ચિંતાનું કારણ બનેલ છે. અહિ માણસા અર્બન ઉપરાંત ગ્રામ્ય વિસ્તાર ખાસ કરીને અંતરિયાળ ગણાતા ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

માણસા તાલુકામાં આજે ૪૯ કેસ નોંધાયા છે. જેમાં માણસા અર્બન વિસ્તારમાંથી ૮ કેસ મળી આવ્યા છે. માણસા શહેરમાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી ચિંતા તંત્રની વધી છે.

માણસા તાલુકાના પુંધરા ગામેથી ૫, લોદરામાંથી ૪, બાલવામાંથી ૪, અંબોડ, વાગોસણા, પાટણપુરામાંથી ૩-૩ કેસ, ધેધુ, જામળા, સોજા, માણેકપુરમાંથી ૨-૨ કેસ તેમજ રિદ્રોલ, આમજા, નાદરી, અલુવા, વરસોડા, દેલવાડા, વેડામાંથી પણ કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૯૬૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૭૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૪૦૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે બીજે દિવસે પણ કેસોની સંખ્યામાં ઘટાડો થવાનું ચાલુ રહેતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે. શહેરમાં આજે વધુ ૧૪૩ કેસ મળી આવ્યા છે. અગાઉ ૧૫૦ થી વધુ કેસો મળતા હતા.

શહેરમાં આજે સે. ૨૭ માં ૮, સે. ૨, ૪, ૫ માં ૬-૬ કેસ, સે. ૨૯, ૨૪, ૧૪ માં ૫-૫ કેસ, સે. ૨૨ માં ૪ કેસ, બોરીજ, સે. ૩, સે. ૧૩, ૨૩, ૭માં ૩-૩ કેસ, સે. ૩૦, ૩-એ-ન્યુ, ૧, ૯, ઈન્ફોસીટીમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૬, ૧૨, ૧૫, ૮, ૨૦, ૨૮, ૨૫, ૨૬, પાલજમાંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં કુડાસણમાં ૧૫, સરગાસણ-વાવોલમાં ૧૩-૧૩ કેસ, પેથાપુરમાં ૪, રાંદેસણમાં ૮, કોલવડામાં ૩ ઉપરાંત રાયસણ, અમીયાપુર, કોટેશ્વર, કોબા, રાંધેજામાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૧૬૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સંક્રમિત થયેલા દર્દીઓ કરતાં વધુ હોવાથી તંત્રને થોડીક રાહતનો અહેસાસ થયો હતો. શહેરમાં રિકવરી રેટ પણ થોડોક સુધર્યો હોવાનો તંત્રએ દાવો કર્યો છે.

શહેરમાં આજે ૪૭ મહિલાઓ સંક્રમિત થઈ છે. શહેરમાં મોટીવયના દર્દીઓ ઉપરાંત યુવાઓ અને મહિલાઓની સંખ્યા વધતા તંત્રની ચિંતા વધી છે. અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી પણ જે રીતે કેસો મળી રહ્યા છે તેને લીધે તંત્રની દોડધામ વધી છે.

જિલ્લામાં આજે ૨૬૭ દર્દીઓ સાજા થયા હોવાથી રિકવરી રેટ સુધરવા પામ્યો છે. જો કે આજે ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરમાં સારવાર દરમ્યાન ૧-૧ દર્દીનું મોત થયાનું રાજ્ય સરકારે જણાવ્યુ છે.

## જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ માસ્ક અને ટીકાકરણ માટે જાગૃત્તિ લાવીએ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં આજરોજ કોવિડ-૨૦૧૯ અંતર્ગત કોરોનાને નાથવા માટે કરાયેલ આયોજન અને પરિસ્થિતિનો તાગ મેળવવા માટે જિલ્લા પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઇ હતી.તેમણે જિલ્લા વહીવટી તંત્રના સુચારું આયોજનમાં જરૂરી સૂચનો કર્યા હતા. ખડેપગે ફરજ બજાવતા ડૉકટર અને અન્ય મેડિકલ સ્ટાફની સેવાની પ્રસંશા કરી હતી. તેમજ જિલ્લા વહીવટી તંત્રની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગ્રામ્ય કક્ષાએ કોરોનાનો કહેર ન વધે તે માટે માસ્ક ફરજિયાત ગ્રામજનો પહેરે તેની જાગૃત્તિ લાવવી ખૂબ જ જરૂરી છે. તેમજ રસી કોરોનાને પરાસ્ત કરવા માટે મદદ રૂપ છે. તે અંગેની જાગૃત્તિ લાવવા માટે ખાસ ભાર મુક્યો હતો. તેમણે મારું ગામ કોરોના મુક્ત ગામ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના તમામ ગામમાં આઇસોલેશનની સુવિધા ઉભી કરાય તે વાતને પ્રાધાન્ય અપાય. જેથી કરીને પરિવારથી કોરોનાનો દર્દી દૂર રહેશે તો પરિવારના બાકી સભ્યો સંક્રમણ થતા અટકશે.

### કોરોના સંક્રમણ નિયંત્રણ-સારવારના અદ્યતન સાધનો-મશીનરી ખરીદવા માટે

## દરેક ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફરજિયાત ફાળવવાની રહેશે

**મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં મહત્વપૂર્ણ જનહિતલક્ષી નિર્ણય**
**ધારાસભ્યો પોતાની સંપૂર્ણ ગ્રાન્ટ પણ આવા આરોગ્ય સાધનો-ખરીદી માટે આપી શકશે**

ગાંધીનગર, તા. ૬

વિશ્વવ્યાપી મહામારી કોરોના કોવિડ-૧૯ના સંક્રમણને રાજ્યમાં અટકાવવા તેમજ તેની સારવાર માટે અદ્યતન સાધનો-મશીનો ખરીદવા હવે રાજ્યના ધારાસભ્યોશ્રીઓએ પોતાની ગ્રાન્ટમાંથી ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખની રકમ ફરજિયાત ફાળવવાની રહેશે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ-કોવિડ-૧૯ના સંક્રમણ નિયંત્રણ તથા સારવાર-સુશ્રુષા માટે રાજ્ય સરકાર દ્વારા લેવાઇ રહેલા પગલાંઓને વધુ સઘન અને વ્યાપક બનાવવાના જનહિત આરોગ્યલક્ષી અભિગમથી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, આ હેતુસર ધારાસભ્યો જરૂરિયાત મુજબ પોતાની સંપૂર્ણ સ્વચ્છ ગ્રાન્ટનો ઉપયોગ પણ કરી શકશે.

વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટિની બેઠકમાં થયેલા નિર્ણય અનુસાર રાજ્યના જનપ્રતિનિધિઓએ આ રકમમાંથી સિવિલ હોસ્પિટલો, અન્ય સરકારી હોસ્પિટલો, દવાખાનાઓ તેમજ મહાનગરપાલિકા-નગરપાલિકા સંચાલિત હોસ્પિટલો દવાખાનાઓમાં કોરોના-૧૯ની પ્રવર્તમાન સ્થિતીમાં તેની સારવાર-નિયંત્રણના અદ્યતન સાધનો-મશીનો ખરીદવા માટે ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખ ફરજિયાત ફાળવવાના રહેશે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે સુચવ્યું છે કે, આ સ્વચ્છ ગ્રાન્ટની જોગવાઈઓ કોવિડ-૧૯ની વિશિષ્ટ પરિસ્થિતિમાં માત્ર વર્ષ ૨૦૨૧-૨૨ માટે મંજુર કરવામાં આવતા કામોને જ લાગુ પડશે.

આ ઉપરાંત આવા કામોના અમલીકરણ-ખરીદી માટે નિયત અમલીકરણ કચેરીઓએ તેમના સંબંધિત વિભાગના પ્રવર્તમાન નીતિ-નિયોનું પાલન કરવાનું રહેશે.

## વનવિભાગ એલર્ટ ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં પણ કેજ કીપરના ટેસ્ટ કરાયા

**પાર્કના ૫ કેજ કીપરના આર ટી પી સી આર ટેસ્ટ નેગેટીવ : પ્રાણીઓથી દુર રહેવા અને ગાઇડલાઇનનુ યોગ્ય પાલન કરવા માટે સુચના**

ગાંધીનગર તા ૬

કોરોનાનો આંતકથી માનવજીવન જ પ્રભાવિત નથી હૈદરાબાદમાં સિંહો પણ કોરોના પોઝિટીવ આવતા વન વિભાગ એલર્ટ મોડમાં આવી ગયુ છે. જયારે ગુજરાતમાં પણ આ સ્થિતિ વચ્ચે વનવિભાગે વિશેષ તકેદારી રાખવા માટે સુચના આપી છે. જંગલ તેમજ પ્રાણી સંગ્રાહલયમાં રહેતા સિંહ સહીતના બિલાડી કુળના પ્રાણીઓ માટે સ્ટાફને વિશેષ સતર્ક રહેવા સુચના આપવામાં આવી છે. સ્ટાફને ગાઈડલાઈનના કડક પાલન સાથે જરૂરી કામ કરવા જણાંવાયુ છે. ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં પણ પ્રાણીઓને કેર કરતા કેજ કીપર્સના આર ટી પી સી આર રીપોર્ટ કરવામાં આવ્યા હતા જો કે ૫ કેજ કીપર્સના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે.

હૈદ્રાબાદના પાર્કમાં ૮ એશિયાઇ સિંહોને કોરોના પોઝિટીવ આવતા વન વિભાગ સતર્ક થઇ ગયુ છે. જયારે સિંહમાં કોરોના પોઝિટીવના લક્ષણો જાવા મળ્યા બાદ ગુજરાતમાં પણ જંગલ તેમજ પ્રાણી સંગ્રાહલયમાં રહેતા સિંહો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. કોરોનાના લક્ષણો અંગે યોગ્ય દેખરેખ રાખવા માટે પણ જંગલના ટ્રેકર્સ તેમજ ઝુ ના કેજ કીપર્સને વિશેષ તકેદારી રાખી એલર્ટ રહેવા જણાંવાયુ છે. આ ઉપરાંત પ્રાણી સંગ્રાહલયમાં ફરજ બજાવતા વેટર્નરી ડોકટર્સને પણ વિશેષ સાવચેતી દાખવવા માટે જણાંવાયુ છે. ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનના જણાંવ્યા મુજબ આ મામલે વિશેષ સાવચેતી દાખવવામાં આવી રહી છે. હૈદ્રાબાદનો કિસ્સો ધ્યાને આવ્યા બાદ ગુજરાતના તમામ ઝુ તેમજ જંગલ વિસ્તારમાં આ તમામ નિયમો તેમજ ગાઈડલાઈનનુ યોગ્ય પાલન થાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે. ગાંધીનગરમાં પણ ઈન્દ્રોડા પાર્કમાં બિલાડી કુળના સિંહ , વાઘ સહીતના પ્રાણીઓને અનુલક્ષીને કેજ કીપરને સાવધાન રહેવા જણાંવાયુ છે. જયારે સ્ટાફને પણ દુર રહેવા માટે સલાહ આપવામાં આવી છે. ઈન્દ્રોડા પાર્કમાં અત્યાર સુધી ૫ કેજ કીપરના આર ટી પી સી આર ટેસ્ટ કરાયા છે. જો કે આ તમામના રીપાર્ટસ પણ નેગેટીવ આવતા વનતંત્રને હાંશકારો થયો છે. આ પ્રાણીઓની કેર કરતા કેજ કીપર્સને પણ જરૂરી નિયમોનુ ચુસ્તપણે પાલન થાય તે માટે વિશેષ તકેદારી રાખવા માટે પણ જણાંવાયુ છે. જેમાં પ્રાણીઓનો સંપર્ક ઓછો થાય અને પ્રાણીઓથી બને તેટલુ દુર રહીને તેમને ખોરાક આપતી વેળાએ પણ અંતર જાળવીને અને માસ્ક પહેરીને કામ કરવા પણ સુચવાયુ છે. આ ઉપરાંત સેનેટાઇઝેશન કરવા તેમજ બુટ અને માસ્ક પહેરીને કામ કરવા માટે જણાંવાયુ છે. ગાંધીનગર ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં થોડા દિવસો અગાઉ જ રાજકોટના પ્રાણી સંગ્રાહલયમાંથી સફેદ વાઘ લાવવામાં આવ્યા છે. જો કે હાલ ઈન્દ્રોડા પાર્કમાં સિહ અને વાઘ સહીત કોઇ પણ પ્રાણીમાં કોઈ પણ પ્રકારના સંક્રમણના લક્ષણો જણાંયા ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## ગાંધીનગર એક્રિડીએશન પ્રેસ ક્લબના પ્રમુખ અનિરૂદ્ધસિંહ ઝાલાનું કોરોનાથી નિધન

ગાંધીનગર તા ૬

કોરોનાનો આતંક વધતા રોજબરોજ નવા કેસની સંખ્યા પણ



વધી રહી છે. જયારે કોરોનાના દર્દીઓનો મૃત્યુઆંક પણ વધ્યો છે. શહેરના અનેક વેપારી અગ્રણીઓ , સામાજિક આગેવાનો પણ કોરોનાના લીધે મોતને ભેટયા છે. જયારે કોરોનાના કપરા કાળમાં કોરોના વોરિયર્સ તરીકે કામ કરતા પત્રકારો પણ સંક્રમણનો ભોગ બની રહ્યા છે. ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ કલબના પ્રમુખ અનિરુધ્ધસિંહ ઝાલાનુ પણ કોરોનાના લીધે અવસાન થયુ છે. જેના લીધે પત્રકાર આલમમાં પણ શોકની લાગણી વ્યાપી છે. નિખાલસ વ્યકિત્વ ધરાવતા સરળ સ્વભાવના અનિરુધ્ધસિંહને સંક્રમણના અંતે અમદાવાદ સ્થિત એસ વી પી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા જયારે કોરોના સામે છેલ્લા ૧૮ દિવસથી લડત આપતા અનિરુધ્ધસિંહ આખરે કોરોના સામેનો જંગ હારી ગયા છે. તેમના અવસાનથી પ્રેસ કલબના સભ્યો તેમજ ગાંધીનગર શહેર જિલ્લાના પત્રકારોમાં પણ ઘેરા દુખની લાગણી વ્યાપી છે.

## સૌરાષ્ટ્ર સમાચારના તંત્રી પ્રતાપભાઈ શાહનું નિધન

ગાંધીનગર, તા.૬

સૌરાષ્ટ્ર સમાચારના તંત્રી અને પૂર્વ નાણાંમંત્રી શ્રી પ્રતાપભાઈ શાહનું આજે વહેલી સવારે ભાવનગર ખાતે અવસાન થતાં શોકની લાગણી પ્રસરી હતી. સૌરાષ્ટ્ર સમાચારના સ્થાપક તંત્રી પ્રતાપભાઈ શાહનું ૯૭ વર્ષની વયે નિધન થયું હતું. તેમના અવસાનથી અખબારી આલમમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.

## ટેલિફોનીક બેસણું/સુવાળું



**સ્વ. પ્રજાપતિ નારાયણભાઈ રણછોડદાસ**
સ્વ. તા. ૦૩-૦૫-૨૦૨૧ ચૈત્ર વદ - સાતમ ને સોમવાર
ઉંમર: ૬૮ ગામ: પરબતપુરા હાલ: ગાંધીનગર

અમારા પિતાશ્રી સ્વ. પ્રજાપતિ નારાયણભાઈ રણછોડદાસ તા. ૦૩-૦૫-૨૦૨૧ ને સોમવાર ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતી અર્પે એવી પ્રાર્થના.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકિકક્રિયા બંધ રાખેલ છે.

|| ટેલિફોનિક બેસણું ||
તા. ૦૭-૦૫-૨૦૨૧, શુક્રવાર ૦૯:૦૦ a.m. થી ૧૧:૦૦ a.m.

પ્રજાપતિ રાકેશકુમાર નારાયણભાઈ (પુત્ર) મો. ૯૭૨૫૦૧૦૮૧૦
પ્રજાપતિ યોગેશકુમાર નારાયણભાઈ (પુત્ર) મો. ૯૪૨૮૪૧૭૪૭૭
પ્રજાપતિ ભીખાભાઈ રણછોડદાસ (ભાઈ) મો. ૯૬૬૨૩૭૪૪૪૫
પ્રજાપતિ અમરતભાઈ રણછોડદાસ (ભાઈ) મો. ૯૭૧૪૬૦૬૧૪૬

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**નિવિદા નંબર-૦૨, સને-૨૦૨૧-૨૨**
**ટેન્ડર આઈડી નં. ૪૬૦૧૨૭**

**ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી 'Hiring NABL Consultation Services (Inclusive of Transportation and Stay at various laboratories all over Gujarat) inclusive of all Taxes NABL Accreditation Process as per ISO/IEC 17025:2017 foe GWSSB Laboratories', અંદાજીત કિંમત રૂ. ૧૬.૫૦ લાખ, માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૧૯/૫/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે.
બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૧૫૩/૨૧-૨૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com